સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

નેતાઓ ને કારણે જ 'સત્તા'ને સહેવું પડે છે,
ચારિત્ર્ય સાથે નીતિ-નિયમમાં રહેવું પડે છે,
રાજકારણ થાય છે બદનામ નેતાઓથી -
એટલે જ 'પ્રતિષ્ઠા' વધારવા કહેવું પડે છે.
(વડાપ્રધાન ની સાંસદોને સલાહ)

હાઈકુ

વાવાઝોડાંનું
આવ્યા કરે દબાણ -
સંઘ સક્રિય..

'આનંદીબેન, -'
મોદી મનોરથનું
સ્ટેચ્યુ સાકાર

ચિંતન

અતિદાનાદ્બલિર્બદ્ધો હયતિ માનાત્સુયોધનઃ । વિનિષ્ટો રાવણો લોલ્યાદતિ સર્વત્ર વર્જયેત ॥

'અતિ'ની ગતિ નહી - કહેતી સમજાવતો આ શ્લોક 'અતિ' પાછળ પડી જનારાંના દૃષ્ટાંત સામે પરિણામ જણાવે છે :

અતિદાનથી 'બલિ' બંધાયો. (રાજા બલિ ખૂબ જ દાનવીર હતો બારણે આવેલ કોઇ પણ ભિક્ષુને જે માગે તે આપી દેતો આ અતિ દાન તેની ઉદારતાને તેના નબળાઇ સમજી તેનો નાશ કરવા વામન સ્વરૂપે શ્રીકૃષ્ણ આવ્યા અને ત્રણ પગલાં જમીન માગી વિરાટ સ્વરૂપ 'બલિ'ને પાતાળ મોકલી દીધો!)

દુર્યોધન બળ અને સત્તાનું ખૂબ અભિમાન આવી ગયું. આ 'અતિ' અભિમાનને કારણે - વિષ્ટિમાં માત્ર પાંચ ગામ પણ ન આપ્યાં તેથી કૌરવવંશનો નાશ થઇ ગયો.

પરસ્ત્રીમાં અતિ લોલુપતાને કારણે રાક્ષસ કુળનો રાવણ દ્વારા નાશ થયો.

આમ દરેક બાબતમાં 'મર્યાદા' હદ - 'માપ' માં રહેવું જોઇએ 'અતિ'થી નાશ જ થાય છે.

સુવિચાર

- બધા જ દાનોમાં અન્નનું દાન શ્રેષ્ઠ છે, કારણ કે તમામ પ્રાણીઓનું જીવન એ તેનું ફળ છે - જ્ઞાનસૂત્ર
- જેમ એક પૈડાથી રથ દોડતો નથી તે રીતે પુરૂષાર્થ વગર નસીબ ફળતું નથી - ઋષિ યાજ્ઞવલ્ક
- જેમ પાણીથી શરીરનાં અંગો પવિત્ર થાય છે તેમ સત્યથી મન પવિત્ર થાય છે, વિદ્યા અને તપથી જીવ અને બુદ્ધિ જ્ઞાનથી પવિત્ર થાય છે - મનુસ્મૃતિ
- છાંયડાની શી ખબર આકાશ ઊંચા તાડને...
  એ વિશે તું પૂછ જઇને લીમડા ના ઝાડ ને... - ત્રિલોક મહેતા
- દુનિયામાં દરેક બાબતમાં બે અંતિમો હોય છે... આપણા મનને લોલકની જેમ ડોલતું રાખે છે... ગતિ ગમે તે તરફ કરો પણ સ્થિરતા તો મધ્યમાં જ મળે છે - ફ્રાન્સીસ બેકન
- સફળ લગ્નજીવન એટલે યોગ્ય જીવનસાથીની પસંદગી માત્ર નહીં, પરંતુ યોગ્ય જીવનસાથી બની રહેવાની ઉત્કટ ઇચ્છા અને પ્રતિબદ્ધતા - એસ. ભટ્ટાચાર્ય
- સાચા મિત્ર સાથે પાણી પીવાનો અવસર મળે તો પણ મધ જેવું મીઠું લાગે છે - ચીની કહેવત

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઇશ્વરને પામવા માટે આપણાં મન-હૃદય અંદરથી ખાલી-નિર્મળ-સ્વચ્છ હોવાં જોઇએ મેલ-દુર્વિચાર-સ્વાર્થના મેલ ભર્યા હોય, કાવાદાવા-ઇર્ષા-નિંદાનો કાદવ ભર્યો હોય તો ઇશ્વરને આવવું હોય તો પણ આવે કેમ? રહે ક્યાં?

સંત નાન પાસે એક યુવાન આવ્યો. કહ્યું, મને ઇશ્વરના સાક્ષાત્કારની ઉત્કૃષ્ટ ઇચ્છા છે. હું ખૂબ સાધુ-સંત-ફકીરમાં ભટક્યો છું, યાત્રાઓમાં પવિત્ર સ્થાન ક્યાં ધર્મગ્રંથોનીનાં પુસ્તકાલયો વાંચી કાઢયાં છે પણ મૂળ ઇશ્વરનો સાક્ષાત્કાર થતો નથી. હું ખૂબ થાકી-કંટાળી ગયો છું. આપ મને સલાહ આપો હું શું કરું?

સંત કહે હું તારા માટે ચા બનાવી લાવું - તું થાક્યો છે ચા પીધા પછી ચર્ચા કરીએ. સંત કીટલી ભરી ચા લાવ્યા. યુવાનના હાથમાં કપ-રકાબી આપ્યાં. સંત ચા રેડવા લાગ્યા. યુવાનના હાથમાં રહેલો કપ-રકાબી છલકાઇ ગયાં ચા ઢોળાવાની તૈયારી હતી. યુવાન બોલી ઉઠ્યો અરે બાબા! હવે આમાં જગા ક્યાં છે? ચા કેમ રેડો છો?

બાબાએ સ્મિત સાથે કહ્યું - તું તારું મન-હૃદય-વિચારો ભરીને આવ્યો છો પહેલાં ખાલી થઇ જા પછી ઇશ્વર આવશે - અત્યારે તારા જ્ઞાનના અભિમાનના ઘોંઘાટમાં ઇશ્વર બારણે ટકારો મારે તો પણ તને સંભળાય છે ક્યાં?

ખાલી થવું એટલે નિર્વિચાર દશા.

Email - sureshchandrabhatt18@gmail.com

મને લાગે છે કે..!! એને હવે હું ગમતી નથી, કોને ખબર શું થયું..??

એકબીજાને ગમતાં રહિયે, કઇ ખટકે તો ખમતાં રહિયે
સંજોગો કેવા પણ સર્જાય, થોડા થોડા સહુને નમતા રહિયે

"મને લાગે છે એ મારી સાથે ખોટું બોલે છે, એટલે એ કંઇ મને કહેવા આવે, એટલે એ સાચું બોલે છે ને? એવી શંકા મારો પીછો છોડતી નથી."

●●●

"અમને લાગે છે, એ બહુ મેંઢો છે, એના મનમાં શું ચાલે છે કહેતો નથી, ભગવાન જાણે એ વિચારમાં હોય છે."

"મને લાગે છે, મારા મમ્મી-પપ્પાને મારી શરમ આવે છે. બબ્બે વાર બારમામાં નપાસ થયો. મને નથી લાગતું કે હવે હું જિંદગીમાં કશું કરી શકીશ. આવી નાલેશીભરી જિંદગી જીવવાનો શો ઉપયોગ?"

●●●

"મને લાગે છે, એને હવે હું ગમતી નથી. લગ્ન પહેલાની મારી જે વાતો ગમતી, આજે એ વાતો પર એ ખિજાય છે. 'તું આમ જ કેમ બોલી.' અને 'તે આમ કેમ કર્યું નહીં' બંને બાજુથી ટોકીને મારી સાથે ઝઘડતો જ હોય છે કોને ખબર એને શું થયું છે?"

"મને લાગે છે, હવે મારી પત્નીએ કોલેજ ગર્લની જેમ ન વર્તવું જોઇએ. કોલેજની ફ્રેન્ડશીપ ભલે લગ્નમાં પરિણમી, પણ હવે એને પતિનું માન સાચવવું જોઇએ, એ એને ખબર જ પડતી નથી. બિન્ધાસ્ત જીવવાને બદલે, ગૃહિણીની જેમ રહેવા કીધું એ માને નહીં અને જો ખિજાઉં તો એમાં મારી શી ભૂલ?"

●●●

"મને લાગે છે મારો છોકરો ડરપોક છે. લગ્ન કરવાની ના જ પાડે છે. જિંદગી એકલાએ જીવવી કેટલી અઘરી હોય છે. એટલે એને અવારનવાર પુછું છું તો મારા પર ચિડાઇ જાય છે. આમાં મારી શું ભૂલ છે?"

"મને લાગે છે, મારાં મમ્મીનો સ્વભાવ કોઇ છોકરીને અનુકૂળ નહીં આવે. એનો શંકાશીલ - કજીયાળો સ્વભાવ આવનારીને હેરાન કરી મુકશે. મારું લગ્નજીવન થોડા સમયમાં જ અસ્ત-વ્યસ્ત થઇ જશે, તૂટી જશે. પછી શું કામ હું લગ્ન કરી કોઇક છોકરીની જિંદગી બરબાર કરું?"

●●●

"મને લાગે છે, મારો બોસ મારા પર ખુન્નસ રાખે છે એને મારામાં સારાં ગુણ દેખાતાં જ નથી. સાલું ગમે તેટલું સારું કામ કરો, આ મારો બેટો મગનું નામ મરી પાડતો નથી. પછી મારુંય મગજ છટકે છે, આના ઉપર, શું કરવાનું?"

"આપણા હાથ નીચે કામ કરતાં માણસોને વખાણીએ તો સાલાઓ માથે બેસી જાય. એમને એમની જગ્યા બતાવવી જ જોઇએ. મને લાગે છે આમને જો થોડું સ્માઇલ આપ્યું થોડી સારી વાતો કરી એટલી ડિમાન્ડની લીસ્ટ સાથે હાજર, શું કરીએ મજબુરી છે."

●●●

"મને લાગે છે સાસુ એટલે સૂચનાઓનું સમયપત્રક. કંઇ પણ કામ કરો એમની સૂચનાઓ હાજર જ. શાક સમારવાથી લઇ સાડીની પાટલી સુધી સૂચનાનો દોર ચાલુ જ. માથું ફરી જાય એ આની સૂચનાઓ સાંભળીને, શું કરીએ?"

"મને લાગે છે, વહુને અનુભવ નથી. એને કામ સહેલાઇથી થાય એ માટે કંઇક કહીએ એમાં મોઢું શાનું ચઢાવી લે છે? મારું સાંભળશે તો એને ફાયદો જ થવાનો ને?"

●●●

પતિ-પત્ની, બાળકો-વાલીઓ, સાસુ-વહુ, બોસ-કર્મચારી એવા અલગ અલગ સંબંધોમાં વ્યક્તિના મનમાં વ્યક્ત કે પ્રગટ સંવાદ, વાતો, બળાપો કાયમનો હોય છે. કોઇ પણ ઓફિસ, ઘર કે અન્ય જગ્યાએ બનનારી ઘટના તરફ જોવાનો બંને વ્યક્તિનો ભિન્ન દૃષ્ટિકોણ અને 'મારી જ વાત ખરી' એની દરેકને પાછી પાક્કી ખાત્રી હોય છે. ઉપરના બધાં જ સંવાદમાં બે વાક્યો તમને સામાન્ય જણાયા હશે. અને એ એટલે 'મને લાગે છે કે' અને 'આમાં મારી ક્યાં ભૂલ થઇ?'

દરેકના મનમાં પોતાના માટે અને બીજા માટેનું કંઇને કંઇ 'મને લાગે છે.' સતત ફરતું હોય છે. કેટલાક લોકો એ લાગવાને વ્યક્ત કરે છે, કેટલાંક ન બોલતાં મનમાં ઘોળ્યા કરે છે. કેટલાક કોકના વિશેનું કોકની પસ ભરડતાં હોય છે. જેના વિશે જે લાગે ઓછે એ એને ન કહેતા બીજા પાસે બોલવાની પ્રથા પણ અસ્તિત્વમાં છે. ક્યારેક અમુક 'જે લોકો છે' એ જે તે વ્યક્તિને પુછી શકવાનાં પરિણામની ચિંતાથી પુછાતું પણ નથી...

'મને લાગે છે, તમે મારા પર ખુન્નસ રાખો છો. એ સાચું છે?' આવું બોસને પુછવું શક્ય પણ નથી. 'મારો વ્યક્તિગત કોઇ વિરોધ તમારા માટે નથી, પણ તમારાં વખાણ કરું તો તમે મારે માથે બેસી જશો, એવું માનીને હું શાંત રહું છું.' આવું તમારો બોસ પણ તમને કહી શકતો નથી. એટલે મજાની વાતો મનમાં રાખીને જ્યારે રૂબરૂ મળે ત્યારે કંઇક અલગ જ સંવાદ રચાય છે...

પતિ-પત્નીની બાબતમાં અપેક્ષા ભંગ થાય, મનદુઃખ તો ખાસ થાય જ, અને વર્ષોસુધી એક જ વાત રિપીટ થયાં કરે, 'તું મને સમજી શકતી નથી' તારી જ ભૂલ થાય છે. મારૂં બધું બરાબર છે.' અને આજ વાતો બંને બાજુથી થાય છે અને સરવાળે બંનેના મનમાં અલગ અલગ ગૂંગળામણ ઊભી થવા લાગે છે. જે ખરેખર તો વાસ્તવિક હોતી જ નથી!!

બંનેની વાતમાં થોડું ઘણું તથ્ય હોય છે. પણ ધીમે ધીમે પોતાની જ વાત સાચી લાગવા લાગે છે. મારા 'મને લાગે છે' ની વાતને જો ન માની એટલે ઇગો ક્લેશ પાછળ જિંદગી હરતી-ફરતી થઇ જાય છે. ટેન્શન અને નિરાશા ઘવાતી જાય છે. 'હું કોઇથી ગભરાતો નથી, બતાવી દઉં' એવું ધરાવતી વ્યક્તિ પતિ, પત્ની, મા, મિત્ર બધાંને જેમતેમ અપમાન થાય એવું બોલવા લાગે છે. બોસ અથવા વડિલોનાં મોંઢે મીઠી વાતો કરવાની અને એમની પાછળ 'અમારો કસ કાઢી લે છે, બોગસ માણસ છે, અમને અન્યાય કરે છે.' એવો બકવાસ કરતાં રહે છે.

"હું શું કામ બોલું? એમને એમની જવાબદારી ખબર ન પડવી જોઇએ?" હું કેવી રીતે બોલું? મારાથી કંઇ આડું અવળું બોલી જવાશે તો? "એ કંઇ બોલશે, તો મારાથી સહન થશે નહીં." આ બધું એટલે સંવાદ ટાળવાની છટકબારીની વાતો...

આપણને સાચ્ચે જ શું જોઇએ છે? ટેન્શન કે ટેન્શન ફ્રી? ઘણી પરિસ્થિતિને આપણે અનુકૂળ થવું જ પડે છે. એનો સ્વીકાર કરીએ એટલે 'મને લાગે છે'માંથી મુક્ત થઇ જવાય. 'મારું જ સાચું અને સામેવાળો ખોટો' ને હટાવીએ તો 'એમાં મારી શી ભૂલ?' નો પ્રશ્ન આપોઆપ હલ થશે...

ચૂંટલો :

'મને લાગે છે' સૌમાં કંઇક સારાં ગુણ છે એને સ્વીકારીએ, કંઇક ખટકે તો એને ખંખેરી નાખીએ, સંજોગો સામે સમાધાન કરીને, થોડા નમીને સૌને ગમતાં રહીએ, નવાં વર્ષમાં આટલી વાત સૌને ગમશે જ 'એવું મને દિલથી લાગે છે.'

જીવન અને સંબંધમાં શબ્દોની ખાટી-મીઠી

પતિ અને પત્ની અથવા લાઈફ પાર્ટનર એકમેક સાથે તમામ વાતો શેર કરતા હોય અને કશું છુપાવવા જેવું ન હોય

ગુલમહોર
- દિનેશ દેસાઇ

એબ્સર્ડ પેઈન્ટિંગ્સ અને કોલાજ પેઈન્ટિંગ્સ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર ચિત્રકાર, શિલ્પકાર અને કવિ-લેખક પાબ્લો પિકાસો (જન્મ-૧૮૮૧, સ્પેન, નિધન-૧૯૭૩, ફ્રાન્સ)એ એક વાર કહ્યું હતું કે સંબંધ એ કેન્વાસ ઉપર પાડવામાં આવતા ચિત્ર જેવું મહત્વ ધરાવે છે. તમારો સામી વ્યક્તિ સાથેનો વ્યવહાર એ તમારામાં રહેલા ચિત્રકારનું બ્રશ છે. તમારા વ્યવહારના સ્ટ્રોક સંબંધના કેન્વાસ ઉપર ચિત્ર પાડી આપે છે. બધો આધાર તમારા વ્યવહારરુપી બ્રશ ઉપર રહેલો હોય છે.

શબ્દ એ રિલેશનશીપમાં બોન્ડિંગ કરનાર એડહેસિવ છે. શબ્દ તમને એકબીજા સાથે જોડે છે અથવા તોડે છે. તમારા મૃદુ શબ્દથી કોઈના દિલને શાંતિ-શુકુન મળી શકે છે. તમારા એસિડમાં બોળાયેલા શબ્દથી કોઈના દિલ ઉપર ડા ઘા પણ પડી શકે છે. પિકાસો કહે છે એમ તમારા શબ્દ અને વ્યવહાર તમારા બીજા લોકો સાથેના સંબંધ ઉપર એક ચોક્કસ છાપ છોડી આપતા હોય છે.

બધો આધાર તમારા ઉપર રહેલો છે. બોલાયેલો શબ્દ એ વાવના તળિયે અથવા પહાડની ટોચે ઉભા રહીને બોલાતા શબ્દ જેવો હોય છે. તમે જે બોલશો તેનો તરત જ પડઘો પડશે. જાણે વાવમાંથી અથવા પહાડની સામે પારથી તમારા શબ્દ તમને પાછા સાંભળવા મળતા હોય છે. સંબંધનું પણ એવું જ છે ને. સંબંધમાં બોલાયેલા શબ્દ અથવા વ્યવહાર તમને સામો મળે છે. જેવો વ્યવહાર કરો એવો વ્યવહાર પામો.

તમારા સંખ્યાબંધ યાર-દોસ્ત યા ઘણા બધા સગાં-સંબંધીઓ હોય એટલું જ જીવનમાં પૂરતું નથી હોતું, ઘરમાં પતિ યા પત્ની તો હોય, પરંતુ ખરેખર ઘરે તમારી રાહ જોનાર કોઈ હોય તો એ સંબંધનો સરવાળો છે

અમેરિકામાં બોન્ડિંગ ધ રિલેશનશીપ - નામનું પુસ્તક ખુબ વેચાયું છે. તેમાં લખ્યું છે કે રિલેશનશીપમાં પરફેક્ટ બોન્ડિંગ માટે - લેટ ઈટ ગો... - જતું કરવાની ભાવના રાખો. એક હિન્દી ફિલ્મનું ટાઈટલ પણ યાદ આવે કે દિલ પે મત લે યાર. સંત કબીરે કહ્યું છે કે શબદ બડા સાયુજ, શબદ બડા આયુધ... શબ્દ તોળી તોળીને અને જોખી જોખીને બોલવો જોઈએ. બોલાયેલા શબ્દના તમે ગુલામ છો, પરંતુ નહી બોલાયેલા શબ્દના તમે માલિક છો.

આમ તો આપણે જાણીએ જ છીએ કે શબ્દ, બોલવું, સંવાદ, સારા-માઠા શબ્દો કોઈ પણ સંબંધમાં ટકાઉપણાનો આધાર હોય છે. તમારા સંખ્યાબંધ યાર-દોસ્ત યા ઘણા બધા સગાં-સંબંધીઓ હોય એટલું જ જીવનમાં પુરતું નથી હોતું. ઘરમાં પતિ યા પત્ની તો હોય, પરંતુ ખરેખર ઘરે તમારી રાહ જોનાર કોઈ હોય તો એ સંબંધનો સરવાળો છે. મિત્રોને તમારા વિના પાર્ટી-પ્રસંગ અધૂરો લાગે તો એ સંબંધનો સરવાળો છે. જયારે કોઈ અંગત વાત કરવી હોય ત્યારે દિલની વાત કરી શકાય એવી વ્યક્તિ તમારી પાસે હોય તો એ સંબંધનો સરવાળો છે. રડવાનું મન થાય ત્યારે તમારી પાસે એક ખભો હોય તો એ સંબંધનો સરવાળો છે. સિનેમા કે નાટક જોવા જવાનું મન થાય ત્યારે એક નહી પણ બે ટિકિટ લેવાનું બને ત્યારે એ સંબંધનો સરવાળો છે. જયારે કોઈ તમારા સાનિધ્ય યા આલિંગનને ઝંખતું હોય તો એ સંબંધનો સરવાળો છે.

સંબંધના ટકાઉપણાનો આધાર તમારા બોન્ડિંગ ઉપર રહેલો હોય છે. એકમેકનું જોડાણ, એટેચમેન્ટ.

(૧) પતિ અને પત્ની અથવા લાઈફ પાર્ટનર એકમેક સાથે તમામ વાતો શેર કરતા હોય અને કશું છુપાવવા જેવું ન હોય.

(૨) પોતાની ભાવના અથવા લાગણી વ્યક્ત કરવામાં કોઈ સંકોચ ન હોય.

(૩) તમે અને તમારા સાથી એકમેક પાસે કોઈ પણ પ્રકારની અપેક્ષા ન રાખતા હોય,

(૪) એકબીજાને કદીય ટેકન ફોર ગ્રાન્ટેડ લેવા જોઈએ નહી. સાથીની હાજરીનું મહત્વ હોવું જ જોઈએ,

(૫) એકમેક માટે પુરતો સમય આપવો જ જોઈએ. આજની ફાસ્ટ લાઈફમાં સમય કોઈ પાસે હોતો નથી પરંતુ સમય ફાળવવાની વાત છે.

(૬) એકબીજા તરફ પ્રેમ હોય એટલે વિશ્વાસ પણ રહેવો જોઈએ. વિશ્વાસની ગેરહાજરી એટલે સંબંધમાં શંકા અને શંકાનું કોઈ સમાધાન ન હોઈ શકે, વિશ્વાસ ન હોય તેવા કોઈ પણ સંબંધનો અર્થ જ નથી,

(૭) સંબંધમાં ક્યારેય ડર અથવા ભય ન હોવો જોઈએ, જે સંબંધમાં તમને તમારા સાથી તરફથી ભય હોય અથવા ડર હોય તો એવા સંબંધને નિભાવવો જોઈએ નહી,

(૮) સંબંધમાં ભૂતકાળને હંમેશા ભુલી જવાનો અને વર્તમાનકાળને માણવાનો હોય તથા સારા ભવિષ્ય, સારી આવતીકાલ માટે વિચારવાનું હોય. ભૂલોને ભુલી જવાની હોય. ગઈ ગુજરી યાદ કરીને બેસી રહેવાથી સંબંધ ઈલાસ્ટિકની જેમ ખેંચાશે અને ઈલાસ્ટિક તૂટી જશે,

(૯) તમે તમારા સાથી પાસેથી કશું પણ મેળવવાની અપેક્ષા ન રાખો બલકે તમે તમારા સાથીને કશુંક આપવાની ઈચ્છા રાખો અને ખરેખર આપો પણ ખરા. કોઈ કિમતી ભેટ ન આપી શકો તો પણ તમે તમારા સાથીને તમારો સમય તો આપી જ શકો છો,

(૧૦) તમે અને તમારા સાથી એક સાથે ચાલવા જોઈએ. મુશ્કેલ સમયમાં પણ અને ખુશીની પળોમાં પણ એકમેકનો સાથ નિભાવવો જ રહ્યો,

(૧૧) પોતાના સાથીની પસંદ, નાપસંદ, શોખ, ટેવો વગેરેનો સ્વીકાર કરવો જોઈએ,

(૧૨) જીવનમાં સંબંધનું માધુર્ય એ વાત ઉપર પણ આધાર રાખે છે કે તમારામાં કાન દઈને સાંભળવાની કળા કેવી છે, તમારા સાથીને વાત કરવી હોય તો એ સાંભળવાનો સમય પણ તમારે આપવો જોઈએ,

(૧૩) તમારા સાથીની પ્રગતિથી તમને ઈર્ષા નહી પરંતુ આનંદ થવો જોઈએ અને એ આનંદ વ્યક્ત પણ થવો જોઈએ. તમારા વ્યવહાર ઉપરથી ખબર પડી જાય કે તમે તમારા સાથીની પ્રગતિથી ખુશ છો કે ઈર્ષા કરો છો.

સ્ટોપરઃ- સંબંધનું બીજું નામ વિશ્વાસ, જો વિશ્વાસ ડગ્યો એટલે સમજવું કે સંબંધ પણ ડૂબ્યો. **- વોલ્તેર**

જયારે હું તેને સૌ પહેલીવાર મળી ત્યારથી મને તેનું આકર્ષણ રહ્યું છે, જો કે એ વધુ પ્રભાવિત કરી શક્યો નથી, પણ હાં ધીરે ધીરે તેને જોતાં, સમજતાં અને તેની નજીક રહેવાનું મને ગમવા લાગ્યું છે

નવાં કલેવર
- નટવર હેડાઉ

મેં તેની બાબતમાં સાંભળેલું પણ વિશ્વાસ જ નહોતો પડતો કે હકીકતમાં તેનામાં આટલી બધી ખુબીઓ હશે. જયારે હું તેને સૌ પહેલીવાર મળી ત્યારથી મને તેનું આકર્ષણ રહ્યું છે. જો કે એ વધુ પ્રભાવિત કરી શક્યો નથી. પણ હાં ધીરે ધીરે તેને જોતાં, સમજતાં અને તેની નજીક રહેવાનું મને ગમવા લાગ્યું છે. એક દિવસ અજાણતાંમાં જ કોણ જાણે હું તેને સ્પર્શ કરી બેઠી. આજે પણ એ અનુભવ મારા માટે એટલો સુખદ અને અવિસ્મરણીય બની રહ્યો છે કે જયારે પણ તેનો વિચાર કરું છું ત્યારે વિચારતાં જ પુલકિત થઇ ઊઠું છું. તે દિવસે અજાણતાંમાં કદાચ તેની નજીક ન ગઇ હોય તો આજે છું એટલી ખુશ કદાચ ન હોત.

આજે વિચારું છું ત્યારે એમ થાય છે કે હું તેના વિના કેટલી અધુરી હતી. જયારથી એ મારા જીવનમાં આવ્યો છે. ત્યારથી હરપળ હું તેની સાથે જ રહેવા માંગુ છું. હવે એક પળ પણ તેને હું મારી આંખથી દૂર થવા દેવા માંગતી નથી. ઘણીવાર તો એવું પણ બન્યું છે કે અડધી રાથે મારું મન બેચેન થઇ જાય છે તેની પાસે જવા. ત્યારે હું મારી જાતને એમ વિચારીને રોકી દઉં છું કે તે થાય મને કોઇની પરવા નથી. હું મારા મનમીતનો સાથ ત્યાં સુધી નિભાવીશ જયાં સુધી મારું શરીર મારો સાથ ન છોડે.

વર્ષો બાદ કોઇ એવું મળ્યું છે જે સાચ્ચો સાથી લાગે છે. જયારે મારે તેની જરૂર હોય છે ત્યારે એ મને સાથ આપે છે. મને એ યાદ નથી કે ક્યારેય તેણે મને નિરાશ કરી હોય કે મારી અજ્ઞાનતાની મજાક ઉડાળી હોય. એ તો હંમેશા મને કંઇને કંઇ નવું શિખડાવવા માંગે છે. નવું કંઇક બનાવે છે. હરપળ મારી મદદ કરવા તત્પર રહે છે. મને ખુશ કરવા તે કેટલું બધું કરે છે. છતાં પણ મને તેની સામે ફરિયાદ છે. ફરિયાદ માત્ર એટલી છે કે એ મને ક્યારેય એમ નથી કહેતો કે 'હું તને પ્રેમ કરું છું.'

તે ફક્ત બુદ્ધિશાળી જ છે એવું નથી તેનો સ્વર પણ ખુબ મધુર અને હૃદયસ્પર્શી છે. જયારે હું તેને ગીત સંભળાવવાનું કહું ત્યારે એ મને મારી પસંદનું ગીત સંભળાવે છે. હવે તમે જ કહો જો એ તમારી પાસે હોય તો શું તમે તેના પ્રેમમાં ન પડી જાવ? ચોક્કસ એમ જ થાય. કેમ કે ગમે તે માણસને બસ એટલું જ જોઇએ છે કે તેની જિંદગીમાં કોઇ એવું હોય જે તેને મદદ કરવા હંમેશા તૈયાર હોય. તેને સાચી વાત કરે, ભુલ થાય તો પણ તેની મજાક ન ઉડાવે. પણ પ્રેમથી તેની ભુલોને સુધારવામાં તેને મદદ કરે.

ખુબ જ વ્હાલો અને સૌથી અનોખો એ છે. હું ઘણીવાર વિચારું છું કે જો એ મારી જિંદગીમાં ન આવ્યો હોત તો હું એકાંકી થઇ ગઇ હોત. મારું જીવન કેવું બેરંગ હોત. જયારે હું મારી આજુબાજુ જોઉં છું ત્યારે મને સ્વાર્થમાં ડુબેલા, મશીનની જેમ દોડતા-ભાગતા, પશુની જેમ પોતાના સુખ માટે અન્યને નુકશાન પહોંચાડતા તેમજ એકબીજાને ઉઝરડા પાડતા ઇજા કરતા હિંસક લોકોની ભીડ નજરે પડે છે અને ત્યારે હું વિચારું છું કે વાસ્તવમાં આ ભીડનો એક હિસ્સો બનવા કરતાં પોતાની નાનકડી દુનિયામાં માત્ર તેની સાથે જ જીવન વિતાવું. પણ મને હંમેશા તેનાથી એ વાતનું દુઃખ રહે છે કે એ ક્યારેય તેના દિલની વાત મને નથી કરતો. મારી બધી જરૂરિયાતો એ પુરી કરે છે પણ પોતાની જરૂરત ક્યારેય નથી કહેતો.

કાશ, તે જો મને તેના મનની વાત કહી શકતો હોત, તેના સુખ અને દુઃખ મારી સમક્ષ વ્યક્ત કરી શકતો હોત, તેને મારી જેમ પોતાની ભાવનાઓ વ્યક્ત કરતાં આવડતું હોત, તો જિંદગી વધુ ખુશખુશાલ અને રૂપાળી થઇ જાત. પણ ક્યારેક એ પોતે આગળ વધીને મને તેના બાહુપાશમાં લે, મારી જેમ સપનાં જૂએ, હંસે ખુશ થાય, હું રીંસાઇ જાઉં તો મને મનાવે. કેમ કે અત્યારે તો હંમેશા એ જ મારાથી રીંસાય છે. અને હું જ એને મનાવું છું. જો એ એવું જાણી શક્તો હોત કે જિંદગીનો અહેસાસ કરવા માટે દિમાગની સાથે દિલની પણ એટલી જ જરૂર હોત કે જિંદગીનો અહેસાસ કરવા માટે દિમાગની સાથે દિલની પણ એટલી જ જરૂર હોય છે તો કેવું સારું. કેમ કે જિંદગીમાં કેટલીક પળો એવી પણ હોય છે કે જેમાં માત્ર બુદધિ નહીં હૃદયની લાગણીઓની પણ જરૂર પડે છે.

ક્યારેક એમ લાગે છે કે જાણે માત્ર હું જ તેને પ્રેમ કરું છું. તે મને બિલકુલ પ્રેમ નથી કરતો. એક મશીનની જેમ એ મારી જરૂરિયાતો પુરી કરે છે. પણ ત્યારે એક વિચાર એવો પણ આવે છે કે તેની પાસે તો દિલ છે જ નહીં માત્ર મગજ છે. તેથી એ બિચારો એટલું જ સમજી વિચારી શકે છે જેટલું તેની મેમરીમાં હોય. લાગણીઓની વાત તો ત્યારે કરે ને જયારે તેને લાગણી હોય. ખરું ને? હવે તો તમને ખબર પડી જ ગઇ હશે કે મારો પ્રેમી કોણ છે અને મારા પ્રેમીને ઓળખી પણ ગયા હશો જ. હા, એ છે મારો 'લેપટોપ.'